પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૬૦ | ૨૦ ઓગસ્ટ, ૨૦૨૧, શુક્રવાર; શ્રાવણ સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# કાબુલ એરપોર્ટ પર અંધાધૂંધ ગોળીબાર

**તાલિબાને દંડા વરસાવ્યા : કાબુલમાં તાલિબાનોનો અત્યાચાર શરૂ : સિવિલિયન ફ્લાઈટ્સ બંધ હોવા છતાં દેશ છોડવા માગતા હજારો લોકોની હજુ પણ એરપોર્ટ ઉપર ભીડ**



કાબુલ, તા.૧૯

કાબુલમાં તાલિબાને અત્યાચાર શરુ કરી દીધો છે અને એરપોર્ટ બહાર એકઠા થયેલા લોકો પર તાલિબાનોએ ફાયરિંગ કરી હોવાના અહેવાલો સામે આવ્યા છે. મળતી વિગતો પ્રમાણે હાલમાં સિવિલિયન ફ્લાઈટસ બંધ છે.આમ છતા દેશ છોડવા માંગતા હજારો અફઘાનો રોજ કાબુલ એરપોર્ટ તરફ જઈ રહ્યા છે.એરપોર્ટની બહાર બુધવારે હજારો લોકો એકઠા થયા હતા અને તેમના પર તાલિબાન દ્વારા ફાયરિંગ કરવામાં આવ્યુ હતુ અને ડંડા વડે માર મારવામાં આવ્યો હતો. અમેરિકાના એક અખબારના પત્રકાર માર્કસ યામે આ કાર્યવાહીમાં ઘાયલ થયેલા અફઘાની નાગરિકોની તસવીરો પણ બહાર પાડી છે. નજરે જોનારા લોકોના કહેવા પ્રમાણે તાલિબાનો એરપોર્ટ પર પહોંચી રહેલા દરેક વ્યક્તિના કાગળીયા ચેક કરી રહ્યા હતા અને બહુ ઓછો લોકોને અંદર જવા દેતા હતા.ઘણા લોકો પાસે પાસપોર્ટ પણ નહોતા.એરપોર્ટનો ગેટ જ્યારે ખુલતો ત્યારે ભીડ અંદર ઘૂસવાની કોશીશ કરતી હતી.જેમને વિખેરવા માટે તાલિબાનોએ ફાયરિંગ કર્યુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર

## એરપોર્ટ પર વાડની બહાર બાળકોને ફેંકતી મહિલાઓ



# અફઘાનિસ્તાનમાં લોકશાહી નહીં હોય

**શરિયા કાયદો લાગુ કરાશે : અફઘાનિસ્તાનમાં નવી સરકારની રચનાને લઈને વાટાઘાટો જારી : નવી સરકાર ન રચાય ત્યાં સુધી એક કાઉન્સિલ દેશનો વહિવટ સંભાળશે, હાલ અફઘાનિસ્તાનના નેતાઓ, સેનાના ઓફિસર્સ સાથે તાલિબાનોની ચર્ચા**

કાબુલ, તા.૧૯

જ્યાં સુધી તાલિબાન અફઘાનિસ્તાનમાં પોતાની નવી સરકારની રચના ન કરી લે ત્યાં સુધી એક કાઉન્સિલ દ્વારા આખા દેશને ચલાવવામાં આવશે. તાલિબાનીઓ હાલ અફઘાનિસ્તાનના નેતાઓ, સેનાના ઓફિસર્સ સાથે ચર્ચા ચાલુ રાખશે અને નવી સરકારના ફ્રેમવર્ક પર કામ કરવામાં આવશે. એક તાલિબાની નેતાએ જણાવ્યું કે, તાલિબાન તમામ નેતાઓ ઓફિસર્સ સાથે વાત કરી રહ્યું છે અને બધા સાથે વાત કર્યા બાદ નવી સરકારની રચના કરવામાં આવશે. જોકે હાલ કાઉન્સિલ જ અફઘાનિસ્તાનને ચલાવશે અને હૈબાતુલ્લાહ અખુંડઝાડા તેની આગેવાની કરી શકે છે. તાલિબાની કમાન્ડરના કહેવા પ્રમાણે તેમની નવી સરકારને લઈ હજુ અનેક બાબતો સ્પષ્ટ કરવાની છે પરંતુ એક વસ્તુ નક્કી છે કે, અફઘાનિસ્તાનમાં લોકશાહી નહીં હોય. અમારા ત્યાં લોકશાહી સિસ્ટમનો બેઝ નથી માટે એ સ્પષ્ટ છે કે, મુલ્કમાં ફક્ત શરિયા કાયદો જ લાગુ કરવામાં આવશે. તાલિબાની નેતાઓએ થોડા દિવસ પહેલા અફઘાનિસ્તાનના પૂર્વ રાષ્ટ્રપતિ હામિદ કરજઈની મુલાકાત લીધી હતી. આગામી દિવસોમાં કતારના દોહા ખાતે યોજાનારી બેઠકમાં હામિદ કરજઈ પણ સામેલ થશે અને ત્યાં અફઘાનિસ્તાનમાં તાલિબાનની નવી સરકાર બનાવવાને લઈ ચર્ચા કરવામાં આવશે.

## રાજૌરીમાં અથડામણમાં એક આતંકવાદી ઠાર

શ્રીનગર, તા.૧૯

જમ્મુ-કાશ્મીરના રાજૌરી જિલ્લામાં સુરક્ષાદળો અને આતંકીઓ વચ્ચે અથડામણ ચાલી રહી છે. રાજૌરીના થન્ના મંડી વિસ્તારમાં આતંકીઓ સાથે ચાલી રહેલા એનકાઉન્ટરમાં સુરક્ષા દળોએ એક આતંકીને ઠાર કરી દીધો છે. પરંતુ આ દરમિયાન ભારતીય સેનાના જેસીઓ પણ શહીદ થઈ ગયા છે. સેના, સીઆરપીએફ અને જમ્મુ-કાશ્મીર પોલીસ મળીને જોઈન્ટ ઓપરેશન ચલાવી રહ્યાં છે અને વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે.

## પુખ્તોને વેક્સિન લાગી જાય તો જીડીપી ૯.૬ ટકાએ પહોંચશે

નવી દિલ્હી, તા.૧૯

ભારતની રેટિંગ એજન્સી ઈન્ડિયા રેટિંગ્સ દ્વારા વર્તમાન નાણાકીય વર્ષમાં ભારતના આર્થિક ગ્રોટ રેટનુ અનુમાન ઘટાડવામાં આવ્યુ છે.

કોરોનાની બીજી લહેર બાદ દેશમાં આર્થિક હિલચાલે વેગ પકડ્યો છે પણ કોરોનાની વેક્સીન આપવાના અભિયાન પર ઘણો આધાર છે.હાલની સ્થિતિ જોતા ૩૧ ડિસેમ્બર સુધી તમામ પુખ્ય વયના વ્યક્તિઓને દેશમાં કોરોના વેક્સીન મળે તેવુ લાગતુ નથી.આ ટાર્ગેટ હાંસલ કરવા માટે રોજ ૫૨ લાખ ડોઝ આપવા પડે તેમ છે.

દેશમાં જો ડિસેમ્બર સુધી પુખ્તવયના લોકોને વેક્સીન લાગી જશે તો વર્તમાન નાણાકીય વર્ષમાં જીડીપી ૯.૬ ટકા પહોંચી શકે છે અને એવુ નહીં થાય તો જીડીપી ૯.૧ ટકા રહેશે.

# સપ્ટેમ્બરમાં બાળકો માટે આવી શકે છે કોરોના વેક્સિન

**તાલિબાનના કબજા બાદ અફઘાની મહિલાઓમાં ડર : દેશમાં ૫૬ કરોડથી વધુ વેક્સિનના ડોઝ અપાયા : હવે દેશમાં બાળકો માટે પાંચ વેક્સિન પર કામ ચાલી રહ્યું છે**

નવી દિલ્હી, તા.૧૯

દેશમાં બાળકો માટે કોરોના વેક્સિન આગામી મહિને ઉપલબ્ધ થઈ શકે છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ-નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ વાયરોલોજીના ડાયરેક્ટર ડો. પ્રિયા અબ્રાહમે જણાવ્યું કે, બાળકો માટે કોરોના વેક્સિન આ વર્ષે સપ્ટેમ્બર કે ઓક્ટોબરમાં ઉપયોગ માટે ઉપલબ્ધ થઈ શકે છે. વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગની એક ઓટીટી ચેનલ સાથે ઈન્ટરવ્યૂમાં અબ્રાહમે જણાવ્યું કે, હાલ ૨-૧૮ વર્ષના બાળકો માટે કોવેક્સિનના બીજા અને ત્રીજા તબક્કાની ટ્રાયલ ચાલી રહી છે. તેમણે કહ્યું કે આશા છે કે જલદી પરિણામ સામે આવી જશે. તેથી સપ્ટેમ્બર કે ત્યારબાદ આપણા બાળકો માટે કોવિડ-૧૯ની રસી ઉપલબ્ધ હશે.

તેમણે જણાવ્યું કે, કોવેક્સિન સિવાય ઝાયડસ કેડિલાની બાળકો માટેની વેક્સિનની પણ ટ્રાયલ ચાલી રહી છે. ડો. પ્રિયા અબ્રાહમે કહ્યું- ઝાયડસ કેડિલાની રસી ઉપયોગ માટે ઉપલબ્ધ પ્રથમ ડીએનએ આધારિત રસી હશે. આ સિવાય જેનોવા બાયોફાર્માસ્યૂટિકલ્સ લિમિટેડની એમ-આરએનએ, બાયોલોજિકલ-ઈ વેક્સિન, સીરમની નોવાવેક્સ અને ભારત બાયોટેકની નેઝલ વેક્સિન પણ તૈયાર થઈ રહી છે.

ડેલ્ટા પ્લસ વેરિએન્ટ પર કોરોના વેક્સિન કેટલી પ્રભાવિત છે તે વિશે વાત કરતા ડો. અબ્રાહમે કહ્યું- ડેલ્ટા વેરિએન્ટની તુલનામાં ડેલ્ટા પ્લસના ફેલાવાની સંભાવના ઓછી છે. ડેલ્ટા વેરિએન્ટ ૧૩૦થી વધુ દેશોમાં છે.

● અનુસંધાન પાન-૭ પર

# ડીમાર્ટના રાધાકિશન વિશ્વના ૧૦૦ ધનિકોની યાદીમાં સામેલ

**ડીમાર્ટના શેર્સના ભાવમાં સતત વધારો : દામાણીની નેટવર્થ ૧૯.૨ અબજ ડોલર એટલે કે ૧.૪ લાખ કરોડ રુપિયા પર પહોંચી ગઈ, ૯૮મા સ્થાન પર**

મુંબઈ, તા.૧૯

ડીમાર્ટના પ્રમોટર રાધાકિશન દામાણીએ દુનિયાના ૧૦૦ ટોચના ધનિકોમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે. ડીમાર્ટના શેર્સના ભાવમાં સતત થઈ રહેલા વધારાથી દામાણીની નેટવર્થ ૧૯.૨ અબજ ડોલર એટલે કે ૧.૪ લાખ કરોડ રુપિયા પર પહોંચી ગઈ છે. બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સમાં તેઓ હાલ ૯૮મા સ્થાન પર છે. ગત વર્ષે માર્ચમાં તેમની નેટવર્થ ૧૨ બિલિયન ડોલર હતી, જેમાં ૧૮ મહિનામાં ૭ અબજ ડોલર એટલે કે ૫૦



હજાર કરોડનો જંગી વધારો થયો છે.

દામાણી હાલ ડીમાર્ટમાં ૭૪.૯ ટકા હિસ્સો ધરાવે છે. નિયમો અનુસાર, કોઈપણ લિસ્ટેડ કંપનીમાં પ્રમોટરનો હિસ્સો ૭૫ ટકાથી વધુ ના હોવો જોઈએ. આ નિયમનો ભંગ ના થાય તે રીતે દામાણીએ તેમાં ૭૪.૯ ટકા હિસ્સો રાખ્યો છે. આ સિવાય દામાણી ઈન્ડિયા સિમેન્ટ્સમાં ૧૧.૩ ટકા, વીએસટી ઈન્ડસ્ટ્રીઝમાં ૨૬ ટકા, સુંદરમ ફાઈનાન્સમાં ૨.૪ ટકા તેમજ અન્ય કંપનીઓમાં પણ હિસ્સો ધરાવે છે.

## મહારાષ્ટ્રમાં ભારે વર્ષાની આગાહી

મુંબઈ તા.૧૯

હવામાન ખાતાએ એવી માહિતી આપી હતી કે મુંબઈ સહિત મહારાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોમાં ફરીથી વરસાદી માહોલ સર્જાયો છે. મુંબઈમાં મંગળવાર રાતથી જ વરસાદ વરસવાનું શરૂ થયું છે.

હવામાન ખાતાએ એવી આગાહી કરી છે કે મુંબઈમાં આવતા ૪૮ કલાક દરમિયાન અમુક પરાંમાં મધ્યમથી ભારે વર્ષા થવાની શક્યતા છે. આવતા ૨૪ કલાક દરમિયાન પાલઘરમાં ભારે વર્ષા(યલો એલર્ટ) જ્યારે નંદુરબારમાં પણ આવતા ૨૪ કલાક દરમિયાન ભારે વરસાદ (યલો એલર્ટ)વરસે તેવી શકયતા છે.

જોઈએ છે
ગાંધીનગરના પ્રતિષ્ઠિત
રીયલ એસ્ટેટ પ્રોજેક્ટ માટે
Senior/Junior Sales Executive
Male/Female
અનુભવીને પ્રથમ પસંદગી
Mo. 9879278295

ભાવભીની અંજલિ



સ્વ. હરીશભાઈ એન. પાલા
ખજાનચી
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ

આપની અણધારી વિદાયથી અમે આઘાત અનુભવીએ છીએ...
આપની સેવાની સુગંધ સમાજ માટે પ્રેરણાદાયી છે.
આપનું સામાજિક વિકાસ અને કલ્યાણ માર્ગે સમર્પિત
જીવન અમારા સૌ માટે દીવાદાંડી રૂપ બની રહેશે.
આપના આત્માને ચિરશાંતિ માટે પરમકૃપાળુ પરમાત્માને
પ્રાર્થના સહ ભાવભીની અંજલિ

લિ.
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ